**કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ પરીક્ષા પાસ કરવા અંગે.**

Office of the Registrar
A. A. U., ANAND.
- 2 FEB 2013
INWARD No. 1176

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૧-૧-૨૦૧૩

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૧૫-૬-૨૦૧૨ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૨-૧૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા.**૩૧**-૧-૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩- ૦૧ -ખતપ -૧૦૨૦૦૫ -૧૫૧૯-પાર્ટ-૧-ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં , સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સંબધિત પરીક્ષા તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી, જે મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમ-૪ આગળના જાહેરનામાથી તે મુદત તા. ૩૧-૩-૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ છે. આ મુદત હવે તા.૩૧-૩-૨૦૧૩ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

ઉક્ત નિયમોમાં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય, વયનિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારી/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) જે કર્મચારી / અધિકારીઓને છેલ્લે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા કર્મચારી / અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ ની તાલીમમાં મોકલવા માટે પ્રથમઅગ્રતા આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ/અધિકારીઓને તા.૧-૧-૨૦૧૩ કે ત્યારબાદ C.C.C./C.C.C.+ની પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ની તાલીમમાં મોકલવા માટે દ્વિતિય અગ્રતા આપવાની રહેશે.

(૩) તા.૧-૪-૨૦૧૩ ના રોજથી જેમણે C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારી/અધિકારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) જે કર્મચારી/અધિકારીઓ કે જેઓ લાગુ પડતી સંબંધિત C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કર્યા વિના તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય , વય નિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ની પરીક્ષામાથી મુક્તિ આપવાની રહેશે.

૨. સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધી...

**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
૩. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા લાગુ પડતા કર્મચારીશ્રીઓને વંચાણે લઇ અમલ થવા સારૂ.

નં. આકૃયુ/રજિ/સંકલન/ ૨૨૨૯-૩૨ /૨૦૧૩
તા.૦૨/૦૨/૨૦૧૩

કુલસચિવ

<u>નકલ રવાના:</u>

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.